# મનમોહન દેસાઈ :
# શ્રેષ્ઠ તો યાદ રહે જ છે

૧ માર્ચ, ૧૯૯૪.

બૉલીવુડની ફિલ્મી દુનિયામાં જે માણસે વીસ ફિલ્મો આપી, જેને ફિલ્મી દુનિયાના એન્ટરટેઇનર તરીકે ઓળખવામાં આવતા હતા, જેણે 'અમર અકબર એન્થોની', 'નસીબ', 'બ્લફ માસ્ટર', 'સચ્ચા જૂઠા', 'ધરમવીર' જેની મલ્ટિસ્ટારર ફિલ્મો આપીને ફિલ્મી દુનિયાને એક નવા પ્લૅટફૉર્મ સુધી પહોંચાડવાનું કામ કર્યું, એ માણસ અચાનક પોતાના ઘરની બાલ્કનીમાંથી કૂદી પડ્યો! જો કે હજી એ સવાલ અકબંધ છે કે મનમોહન દેસાઈ નામનો એ માણસ કૂદી પડ્યો કે કોઈ અકસ્માતે પડી ગયો! પ્રખર નાટ્યકાર પ્રવીણ જોષી માટે પણ એ જ સવાલ પુછાય છે કે પ્રવીણભાઈ પડી ગયા કે...

ઘણી વાર ઘણાં મૃત્યુ આપણી સામે એક સવાલ છોડી જાય છે, જેનો જવાબ એ માણસ પોતાની સાથે લઈને જતો રહે છે. પાછળ રહી ગયેલા સહુ પોતાની ધારણાઓ અને મનોમંથનમાં અટવાયા કરે છે.

કીકુભાઈ દેસાઈ, જે ૧૯૩૧થી ૧૯૪૧ દરમિયાન પૅરૅમાઉન્ટ સ્ટુડિયોઝના માલિક હતા. એમની ફિલ્મો મુખ્યત્વે 'સર્કસ ક્વિન', 'ગોલ્ડન ગૅંગ' જેવી સ્ટંટ ફિલ્મો હતી. એમનો મોટો દીકરો ૧૯૫૦માં પ્રૉડ્યૂસર બન્યો અને એણે પોતાના નાના ભાઈને દિગ્દર્શક તરીકે પહેલો બ્રેક આપ્યો. ૧૯૬૦માં બનેલી ફિલ્મ 'છલિયા'થી આપણને એક દિગ્દર્શક મળ્યા, જેનું નામ મનમોહન દેસાઈ!

કૌટુંબિક જીવનની આસપાસ વણાયેલી, ઘણી વાર ન માની શકાય એવી વાર્તાઓ... મા-દીકરાનો પ્રેમ, ભાઈઓનો પ્રેમ અને અંતે 'બ્લડ ઇઝ થીકર ધેન વૉટર'ની કથા! સલીમ-જાવેદ, પ્રયાગ રાજ અને કે.કે. શુક્લા જેવા લેખકો સાથે એમણે કામ કર્યું. ૨૯ વર્ષમાં ૨૦ ફિલ્મો બનાવી. જેમાં ૭૦ ટકાથી વધુ સફળ થઈ. મનમોહન દેસાઈ પોતાની યુવાનીના દિવસોથી એક અભિનેત્રીના ફેન હતા. હિન્દી ઇન્ડસ્ટ્રીમાં જેને સૌથી વધુ સન્માનનીય અભિનેત્રીઓમાં મૂકવામાં આવે છે એવી આ અભિનેત્રી નંદા માટે કદાચ મનમોહન દેસાઈને પ્રેમ હતો. એમનાં લગ્ન જીવનપ્રભા ગાંધી સાથે થયાં હતાં, પરંતુ જીવનપ્રભાના મૃત્યુ પછી મનમોહન દેસાઈ અને નંદા વચ્ચે પ્રણય પાંગર્યો. ૧૯૯૨માં, પંચાવન વર્ષની ઉંમરે એમણે નંદાજી સાથે એન્ગેજમેન્ટ કર્યાં. ૧૯૯૪ની પહેલી માર્ચે પોતાના જ ઘરની બાલ્કનીમાંથી એ પડી ગયા કે એમણે કૂદકો મારીને આપઘાત કર્યો...

મનમોહન દેસાઈની કારકિર્દી એક મહેનતુ અને પ્રામાણિક વ્યક્તિની કારકિર્દી તરીકે જોવામાં આવે છે. એમણે ખાસ નિષ્ફળતા પણ જોઈ નહોતી. એવા કોઈ દેવાં પણ નહોતાં. જેને એ ચાહતા હતા એવી વ્યક્તિ સાથેનો સંબંધ પણ એમને મળ્યો. તો પછી, એવું શું થયું કે એમના જીવનમાં આવી ભયાનક ઘટના બની ગઈ... કોઈક કહે છે એમને ડિપ્રેશન હતું. ફિલ્મો બનાવનારો માણસ ઘેર બેસી જાય એનાથી કદાચ આવું ડિપ્રેશન આવતું હશે? એમની છેલ્લી ફિલ્મ 'ગંગા જમના સરસ્વતી' બહુ સફળ નહોતી થઈ. મનમોહન દેસાઈ એક સફળ દિગ્દર્શક હતા, પરંતુ દરેક ક્રિયેટિવ માણસના જીવનમાં એક ડિક્લાઇન આવતી હોય છે. સુભાષ ઘાઈની ફિલ્મ 'કિસના' હોય કે ખુદ અમિતાભ બચ્ચનની બીજી ઇનિંગ શરૂ થતાં પહેલાંની ફિલ્મો 'જાદુગર', 'તૂફાન', 'અલ્લારખ્ખા' અને 'અજુબા' જેવી ફિલ્મો હોય!

મહત્ત્વની વાત છે કે કોઈ એક વ્યક્તિ સતત ટૉપ પર રહી શકતી નથી. ટૉપ ઉપર એક જ જગ્યા હોય છે. એ મેળવવા લગભગ બધા મથે એ સ્વાભાવિક છે. જે વ્યક્તિ એક વાર પોતાની કારકિર્દીની ટોચે પહોંચે એણે ત્યાં ટકી રહેવા માટે પ્રયાસ કરવો જોઈએ, એ ખરું, પરંતુ જો સહેજ પણ પોતાની કારકિર્દી કે ક્રિયેટિવિટી ડામાડોળ લાગે તો એને પોતાનાં વળતાં પાણી માનીને હારી જવાને બદલે કે જાતને છેતરવાને બદલે કાં તો કોઈ નવી દિશામાં નવેસરથી વિચાર કરવો જોઈએ અથવા પોતે જે ઉત્તમ સર્જનો કર્યાં છે એને જ પોતાના ભાવકો, ચાહકો, પ્રેક્ષકો કે પ્રશંસકોની સ્મૃતિમાં અકબંધ રાખીને સહજતા અને સરળતાથી એક્ઝિટ કરવી જોઈએ. દરેક માણસના જીવનમાં આવું થાય એ જરૂરી પણ નથી. ચંદ્રકાન્ત બક્ષી જેવા લેખક કે વહિદા રહેમાન જેવી અભિનેત્રી કારકિર્દીનાં ઘણાં

વર્ષો સુધી એકસરખી ગ્લૅમર અને પ્રશંસા મેળવી શકે છે. એને માટે એમણે કોઈ ખાસ યત્ન નથી કરવો પડતો એવું માનવાની જરૂર નથી.

અનિલ કપૂર જેવા અભિનેતા જેમની ઇમેજ એક ટપોરી કે ગુંડાની હતી એમણે થોડાં વર્ષો સુધી બ્રૅક લઈને ચરિત્ર અભિનેતા તરીકે પાછા ફરવાની હિંમત કરી. ઋષિ કપૂર કે શ્રીદેવી જેવાં ઍક્ટર્સ સમજણથી પોતાના જીવનની બીજી ઇનિંગ સરસ રીતે ગોઠવી શક્યા જ્યારે મુમતાઝ, રિના રોય કે આમ જોવા જાવ તો, માધુરી દીક્ષિત પણ પોતાની કારકિર્દીની બીજી ઇનિંગ એવી સફળતાથી ગોઠવી શક્યાં નહીં. ફિલ્મી દુનિયાની ગ્લૅમર બીજી કોઈ પણ દુનિયા કરતાં અલગ છે. ક્રિકેટમાં પણ સ્ટાર્સ હોય છે. સાહિત્યકારો, સંગીતકારો કે ચિત્રકારોને પણ પોતાના ફૅન હોય છે, પરંતુ સત્ય એ છે કે ફિલ્મી દુનિયાના સ્ટાર્સ પાસે એક પાગલ ફૅનફૉલોઇંગ હોય છે જે એમને લગભગ ભગવાન માને છે. શુક્રવારથી શુક્રવારની આ રંગીન જિંદગીમાં રિલ લાઇફ અને રિયલ લાઇફ વચ્ચેનો તફાવત ધીમે ધીમે ઓછો થતો જાય છે. પોતાને જોવા માટે એકઠું થતું ટોળું, પાછળ દોડતા લોકો, એક નાનકડી સેલ્ફી માટે કરગરતા ફૅન્સ જો ન રહે તો શું થાય, એ વિચારમાત્ર ધ્રુજાવી મૂકે એવો હોય છે.

મનમોહન દેસાઈ ઍક્ટર નહોતા, પણ એમની ગ્લૅમર ઍક્ટર્સ કરતાં ઓછી નહોતી. રાજ કપૂરથી શરૂ કરીને શમ્મી કપૂર, રાજેશ ખન્ના અને ફિલ્મી દુનિયાના લગભગ દરેક મોટા સ્ટાર સાથે એમણે કામ કર્યું છે. આટ-આટલા લોકો પોતાના કહ્યામાં હોય ત્યારે અચાનક આવેલી ઓટ કે ખાલીપો માણસને એકલો કરી નાખે છે. બીજી કોઈ પણ દુનિયા કરતાં ફિલ્મી દુનિયાની નિષ્ફળતા જુદી એ રીતે છે કે અહીં નિષ્ફળ માણસને મળવા, ખબર પૂછવા કે એની ચિંતા કરવા માટે કોઈ હોતું નથી. મનમોહન દેસાઈ કદાચ પોતાના છેલ્લા દિવસોમાં એકલા હશે ને ત્યારે એમને આ ફિલ્મી દુનિયાનો સાચો પરિચય થયો હશે એમ પણ બને, પરંતુ સત્ય તો એ છે કે કઈ દુનિયામાં નિષ્ફળ માણસની વહારે ઊભા રહેનાર લોકો આસાનીથી મળે છે? નિષ્ફળતા એક એવી ચીજ છે જે આપણી આસપાસના લોકોની ઓળખ કરાવે છે. જેને આપણે પોતાના માનતા હોઈએ એવા લોકો ખરેખર પોતાના છે કે નહીં એની સમજણ આપણને આપણો ખરાબ સમય કરાવી આપે છે. કહેવાનું તાત્પર્ય એ નથી કે આપણી આસપાસ બધા સ્વાર્થી, નકામા, લુચ્ચા અને મતલબી લોકો છે, પરંતુ આપણી આસપાસ બધા જ આપણને ચાહે જ છે અને આપણા સારા-ખરાબ સમયમાં આપણી સાથે ઊભા જ રહેશે એમ માની લેવું જરા વધારે પડતું છે. એવી અપેક્ષા દુઃખ સિવાય બીજું કંઈ નથી આપતી.

બદલાતા સમય સાથે માણસમાત્ર સ્વાર્થી થવા લાગ્યો છે. દરેકને પોતાના ભવિષ્યની ચિંતા છે એટલે દરેક પોતાના વર્તમાનમાં પહેલો વિચાર પોતાનો કરે એ સ્વાભાવિક છે. ગળાકાપ હરીફાઈ અને વધતી જતી વસ્તી સાથે તક ઘટવા લાગી છે અને જરૂરિયાતો વધવા લાગી છે. લગભગ દરેક માણસને જે છે એનાથી વધુ તો જોઈએ જ છે. ટેલિવિઝન અને મીડિયાની જાહેરાત માણસને વધુ ભૂખાળવો, વધુ અસલામત અને વધુ લોભી બનાવવાનું કામ કરે છે. આપણે આપણી જાતને જોઈએ તો પણ આપણે સમજી શકીએ કે દસ વર્ષ પહેલાંની શાંત અને સરળ જિંદગી હવે નથી રહી. નવી પેઢીનાં સંતાનો વસ્તુઓને વધુ ચાહે અને વ્યક્તિને ઓછી... વાંક એમનોય નથી જ!

અગત્યનું એ છે કે જે સ્વયં સાથે સંવાદ કરી શકે છે એ એક સમજણ કેળવી શકે છે. એકલતા એ જ માણી શકે છે જેને ભીતર ઉચાટ નથી. ભીતર ઉચાટ એટલા માટે છે કારણ કે આપણે આપણી જાતને સફળ અને નિષ્ફળના લેબલ ચોંટાડીને બીજાથી વધુ કે ઓછા, સરખાવતા રહીએ છીએ. આપણે જે કરી રહ્યા છીએ એમાં મજા આવે અને સારી રીતે જીવી શકાય એટલા પૈસા મળતા હોય તો સતત સફળ હોવાની શર્ત નહીં મૂકવાની. આજના સમયમાં વધી રહેલા કથાકારો કે સાધુ-સંપ્રદાયો દેખાડે છે કે આપણે ભીતરથી બેચેન છીએ. બહારથી કોઈ આપણને શાંત નહીં કરી શકે. દરેકે દરેક વસ્તુ હશે તો પણ સંતોષ નહીં હોય કે શાંતિ નહીં હોય તો બધું જ નકામું છે.

મનમોહન દેસાઈને આજે યાદ કરીએ તો આપણે એમની સફળ ફિલ્મો માટે યાદ કરીએ છીએ, એમની નિષ્ફળતા આપણે પણ ભૂલી ગયા છીએ! એ કેમ નહીં ભૂલી શક્યા હોય?

• • •